
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




**હવે, છાયામાં મેરેથોન દોડના સમાચાર વાંચી ખાલી ખુશ થયે કામ નહી ચાલે... ચડ્ડી કાઢી ધોઈ નાખો, પહેરવા જોશે ને...??!!**

# 'મિશન વિદ્યા' નબળા બાળકોમાં ગુણાત્મક સુધારો કરવાનો અતિ મહત્વનો કાર્યક્રમ છે : અશ્વિનીકુમાર

## કલોલ શહેરની ત્રણ પ્રાથમિક શાળાઓમાં નબળા વિદ્યાર્થીઓ માટે વાંચન-લેખન-ગણન દ્વારા પ્રેરણાદાયી કાર્ય

ગાંધીનગર, તા. ૩૧

સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬-૭-૮માં અભ્યાસ કરતાં નબળા બાળકોમાં ગુણાત્મક સુધારો કરવા માટે 'મિશન વિદ્યા' કાર્યક્રમ ખૂબ જ મહત્વનો છે. નબળા વિદ્યાર્થીઓને અલગ તારવીને સરકારી પ્રાથમિક શાળાના આવા બાળકો માટે વધારાના વર્ગો ચલાવીને શિક્ષકોને સર્જનાત્મક રીતે તત્પરતા દાખવીને બાળકોને પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રીના સચિવ તથા માહિતી અને પ્રસારણ સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત કુમાર શાળા નંબર-૨ તથા કન્યા શાળા નંબર-૫ તથા કલોલની શાળા નંબર-૬ પ્રાથમિક શાળાની મુલાકાત લઈ સચિવ અશ્વિનીકુમારે ધોરણ- ૬-૭-૮ સુધીના બાળકોને વાંચન-લેખન અને ગણન સહિત ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કર્યું હતું. ૭૫૦ થી વધુ બાળકો ધરાવતી આ ત્રણ સરકારી શાળામાં નબળા વિદ્યાર્થીઓને અલગ તારવીને શિક્ષકો વધુ ધ્યાન આપશે તોજ



રાજ્ય સરકારનો 'મિશન વિદ્યા' કાર્યક્રમ સફળ થશે. નબળા વિદ્યાર્થીઓને વિષય અનુરૂપ નવી ટેકનીકથી જ્ઞાન આપી વધુ સારૂ આઉટપુટ મેળવવા તથા નૂતન અભિગમથી શિક્ષણ કાર્ય કરવા વિવિધ સૂચનો કર્યા હતા. સચિવ અશ્વિનીકુમારે અલગ તારવેલા નબળા બાળકોને વાંચન અને ગણિત અંગે પૃચ્છા કરી પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે બાળકોની તકલીફ સમજીને તેના ઉકેલની દિશામાં ઝીણવટ ભર્યું આયોજન કરીને મોનીટરીંગ કરી તથા બાળકોના વાલીઓ સાથે પણ સતત સંપર્કમાં રહી ફળદાયી પરિણામો હાંસલ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રાથમિક શિક્ષણાધિકારી જે.જી. પંડ્યા, કલોલ પ્રાંત અધિકારી હર્ષ યાદવ, મામલતદાર સુનિલ રાવલ, નાયબ સચિવ પરાગ શુકલ સહિત સી.આર.સી. અને બી.આર.સી.ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સચિવ અશ્વિનીકુમારે શાળાના આચાર્ય તથા શિક્ષકગણને 'મિશન વિદ્યા' કાર્યક્રમ અંગે વિવિધ સૂચનો કર્યા હતા.

# ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ પડતર પ્રશ્નો અંગે આંદોલનના મુડમાં

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા છેલ્લા કેટલાક સમયથી કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે લડત લડવામાં આવી રહી છે. સરકારમાં વારંવાર રજુઆત છતા કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ઉકેલ લાવવામાં આવતો નથી. જેથી તમામ કર્મચારી આલમમાં ભારે રોષની લાગણી જન્મી છે તેમજ બધા જ ફેડરેશન પણ ખુબ જ નારાજ છે. જેથી આગામી દસ દિવસમાં સરકાર તરફથી કોઈપણ પ્રકારનો હકારાત્મક પ્રતિભાવ નહીં મળે તો આંદોલનના ભાવિ કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવશે. તેમજ આગામી બેઠકમાં ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ તથા અન્ય કર્મચારી સંગઠનો તેમજ હોદેદારો ઉપસ્થિત રહેશે.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના પ્રમુખ સંજય પટેલ તથા મહામંત્રી ગીરીશ પટેલની આગેવાનીમાં ટુંક સમયમાં મહામંડળના વયનિવૃત હોદેદારોને સન્માનવાનો કાર્યક્રમ તેમજ સરકાર દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો જેવા કે જાન્યુઆરી ૨૦૧૮ થી ૨ ટકા મોંઘવારી ભથ્થું, સાતમાં પગાર પંચ મુજબનું ઘરભાડા ભથ્થું, પરિવહન ભથ્થું, તથા કેન્દ્રના ધોરણે મેડીકલ પોલીસી સહિતના લાભ આપવા તેમજ વયનિવૃત વય મર્યાદા ૫૮ વર્ષથી ૬૦ કરવા, નિવૃતિ બાદની કરાર આધારીત નિમણુંકો બંધ કરવી, આ જગ્યા પર બઢતી આપવી કે સીધી ભરતીથી જગ્યાઓ ભરી યુવાનોને રોજગારી પુરી પાડવી, જયારે છઠ્ઠા પગારપંચ સહિતની બાકી તમામ પડતર માંગણીઓ અંગે આગામી સમયમાં યોજાનાર સામાન્ય સભામાં જરુરી ચર્ચા વિચારણા કરવામાં આવશે. જયારે પડતર માંગણીઓમાં તમામ ફિકસ પગારની જગ્યાઓ પર પુરો પગાર આપવો, છઠ્ઠા પગાર પંચ મુજબ ૧૦-૨૦-૩૦ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ કોઈપણ જાતની પગાર મર્યાદા વિના આપવું.વર્ગ-૪ ની આઉટ સોર્સિંગથી થતી ભરતી બંધ કરી નિયમિત નિમણુંક કરવી, તબીબી ભથ્થું પ્રતિમાસ એક હજાર કરવું. બોર્ડ નિગમના સરકારી સાહસોના કર્મચારીઓને સરકારી કર્મચારી ગણી તે મુજબના લાભ આપવા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

# લાયન્સના બોર્ડ મેમ્બરના જન્મદિને ૧૦૮ વૃક્ષોનું વાવેતર

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરની લાયન્સ કલબના પ્રમુખ પીયુષભાઈ શાહ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન તમામ સભ્યોના જન્મ દિવસને કોઈપણ એક સેવાકીય પ્રવૃત્તિ દ્વારા ઉજવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટરના સભ્ય વિવેકસિંહ ચૌહાણના જન્મદિન નિમિત્તે ૧૦૮ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબના બોર્ડ મેમ્બર વિવેકસિંહ ચૌહાણે ગઈકાલે તેમનો જન્મદિવસ સંસ્થાના સભ્યો સાથે સેક્ટર-૧૬માં અંધશાળાના બાળકો સાથે ઉજવ્યો હતો. આ પ્રસંગે તેમણે ૧૦૮ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણના જતનનો સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે વૃક્ષોનું જતન કરવાનો સંકલ્પ પણ તેમણે જાહેર કર્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ તથા લીઓ કલબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# આજથી જાહેર જનતાની મુલાકાત અર્થે રાજભવન સપ્તાહમાં સોમવારથી શુક્રવાર સુધી ખુલ્લુ રહેશે

ગાંધીનગર, તા. ૩૧

વહીવટમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે તથા માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની જોગવાઈઓ મુજબ સરકારી સંસ્થાનોની ગતિવિધિઓની જાણકારી લોકો સુધી પહોંચાડવાની જરૂરિયાતને ધ્યાને રાખી ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ તા. ૧૫ મે, ૨૦૧૮ થી ગુજરાત રાજભવનને જાહેર જનતા જોઈ શકે તે માટે ખુલ્લુ મુકવાનો નિર્ણય કર્યો હતો.

આ નિર્ણયનો જાહેર જનતા તરફથી સારો પ્રતિસાદ પ્રાપ્ત થતાં હવે રાજ્યપાલશ્રીએ આગામી ૧લી ઓગષ્ટ, ૨૦૧૮થી સોમવારથી શુક્રવાર સુધી કામકાજના દિવસો દરમ્યાન સપ્તાહમાં પાંચ દિવસ જાહેર જનતાની મુલાકાત માટે રાજભવન ખુલ્લુ મુકવાનું નક્કી કર્યુ છે. વિદ્યાલયો-મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓની રાજભવનની મુલાકાત લેવાના કિસ્સામાં સંસ્થાના આચાર્ય દ્વારા રાજભવનનો લખાયેલ પત્ર માન્ય રાખવામાં આવશે. ઓનલાઈન મંજૂરીની આવશ્યકતા નહિ રહે. વિદ્યાર્થીઓ તેમની સંસ્થા દ્વારા અપાયેલા ઓળખપત્રને સાથે રાખીને રાજભવનની મુલાકાત લઈ શકાશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજભવનને સાચા અર્થમાં લોકભવન બનાવવાની દિશામાં રાજ્યપાલ ઓ.પી. કોહલી દ્વારા લેવામાં આવેલ કેટલાંક પગલાંઓના ભાગરૂપે આ એક પહેલ કરાઈ છે.

# ગાંધીનગર સિવિલમાં જીપીસીબીની ટીમે બાયોમેડીકલના નિકાલ અંગે તપાસ કરી

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ કચેરીની ૪ સભ્યોની ટીમે આજરોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. અને બાયોમેડીકલ વેસ્ટ કલર કોડ પ્રમાણે કર્મચારીઓ દ્વારા યોગ્ય રીતે નિકાલ થાય છે કે કેમ તેની ચકાસણી કરી હતી. બોર્ડની ટીમે સિવિલના વિવિધ વોર્ડ તેમજ વિભાગોની મુલાકાત કરી જીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું અને સ્ટાફને જરુરી સુચનો કર્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થોડા સમય અગાઉ બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે થતો ના હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. જેને પગલે સિવિલ તંત્ર સહિત ઉચ્ચકક્ષાએ તેમજ જીપીસીબીની કચેરી સુધી બાયો મેડીકલ વેસ્ટના પડઘા પડ્યા હતા. જેને અનુલક્ષી આજરોજ ચાર સભ્યોની ટીમે સિવિલની ઓંચિતી મુલાકાત કરી હતી. જેને પગલે સિવિલ તંત્રમાં પણ હલચલ મચી જવા પામી હતી. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની ટીમે લેબોરેટરી વિભાગ, બ્લડબેંક, ગાયનેક વોર્ડ, ઓપીડી બિલ્ડીંગ, ઈન્જેંકશન રૂમ, ઓપરેશન થિયેટર, એલઆર સહિતના સ્થળોએ અને વિભાગમાં ફરીને બાયોમેડીકલ વેસ્ટ અંગે જીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. જયારે બાયોમેડીકલ વેસ્ટનો ગ્રીન, રેડ અને યલો કલરકોડ પ્રમાણે નિકાલ થાય છે કેમ તેની પણ ચકાસણી કરી હતી. જયારે બાયોમેડીકલ વેસ્ટ લઈને જતા કર્મચારીઓને ગ્લોજ, માસ્ક, ટોપી, ગમબુટ, ચશ્મા સહિતની વસ્તુઓ પહેરી ફરજીયાત છે. તે પ્રમાણે પહેરીને પોતાની કામગીરી કરવા જણાવ્યું હતું. જયારે વર્ગ-૪ના કર્મચારીઓને બાયોમેડીકલ વેસ્ટનો કઈ નાશ કરવો અને કંઈ રીતે નાશ કરી શકાય તેની માહિતી પુરી પાડી હતી. આ ટીમના સભ્યો સાથે સિવિલના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# 'સમાજમિત્ર'ના ઉપક્રમે ગ્રંથ 'દલિત લોકવિદ્યા'નું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૩૧

સમાજસેવાને સમર્પિત સામયિક 'સમાજમિત્ર'ના ઉપક્રમે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને ખ્યાતિપ્રાપ્ત સાહિત્યકાર પ્રવીણ ગઢવીની અધ્યક્ષતામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પૂર્વ અધિકારી-સમાજસેવી પ્રવીણ શ્રીમાળીના સંશોધન ગ્રંથ 'દલિત લોકવિદ્યા'ના લોકાર્પણનો કાર્યક્રમ ડૉ. આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

ગુરૂ વિના એકલવ્યની જેમ દલિત સમાજે તેની લોકવિદ્યા હાંસલ કરી છે અને આજ સુધી લોકસાહિત્યનું જે સંશોધન સંપાદન થયું છે તે છેવાડાના લોક સુધી પહોંચ્યુ નથી તેનો વણવસો વ્યક્ત કરતા અધ્યક્ષ સ્થાનેથી પ્રવીણ ગઢવીએ કહ્યું કે લોકસાહિત્ય લોકોને જન્મથી મરણ સુધી સાથ આપે છે. સર્જક ડૉ. રાજેશ મકવાણાએ કહ્યું કે દલિત લોકવિદ્યા ગ્રંથ દ્વારા પ્રવીણ શ્રીમાળીએ આ દિશામાં વધુ સંશોધન-લેખનની એક બારી ખોલી આપી છે.

# જિલ્લામાં આજથી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીનો આરંભ

ગાંધીનગર, તા. ૩૧

સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં તા. ૧ થી ૧૪ મી ઓગષ્ટ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે. પખવાડિયા દરમ્યાન પ્રત્યેક દિવસ નિયત થયેલ થીમ મુજબ ઉજવણી કરવામાં આવશે. તમામ કાર્યક્રમ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ આયોજન કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના સુચારું આયોજન અર્થે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજાની ઉપસ્થિતમાં બેઠક મળી હતી. આ બેઠકમાં તા. ૧ ઓગષ્ટના દિવસને મહિલા સુરક્ષા દિન તરીકે ઉજવવામાં આવશે. તે ઉપરાંત તા. ૨ ઓગષ્ટને બેટી બચાવો બેટી પઢાઓ દિવસ, તા. ૩ ઓગષ્ટના દિવસને મહિલા સ્વાવલંબન દિવસ, તા.૪ ઓગષ્ટના દિવસને મહિલા નેતૃત્વ દિવસ, તા. ૫ ઓગષ્ટના દિવસને મહિલા આરોગ્ય દિવસ, તા. ૬ ઓગષ્ટના દિવસને મહિલા કૃષિ દિવસ, તા. ૭મી ઓગષ્ટના દિવસને મહિલા શિક્ષણ દિવસ, તા. ૮મી ઓગષ્ટના દિવસને મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ, તા. ૯મી ઓગષ્ટના દિવસને મહિલા કલ્યાણ દિવસ, તા. ૧૦મી ઓગષ્ટના દિવસને મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ, તા. ૧૧મી ઓગષ્ટના દિવસને મહિલા કર્મયોગી દિવસ, તા. ૧૨મી ઓગષ્ટના દિવસને મહિલા કાનુની જાગૃતિ દિવસ, તા. ૧૩મી ઓગષ્ટના દિવસને શ્રમજીવી મહિલા દિવસ અને તા. ૧૪મી ઓગષ્ટના દિવસને મહિલા શારીરિક સૌષ્ઠવ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવશે.

આ બેઠકમાં સમગ્ર કાર્યક્રમના જિલ્લાના નોડલ અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જિલ્લાના તબીબી વિદ્યાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફિકેટની ચકાસણી ૭મીએ કરાશે

ગાંધીનગર, તા. ૩૧

ચાલુ વર્ષે મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદિક, હોમિયોપેથીક અને નેચરોપેથીકમાં પ્રવેશ માટે જે વિધાર્થી ગુજરાત રાજયનો ડોમીસાઈલ હોય તેને પ્રવેશ આપવા એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ/પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન કોર્સીસ (એ.સી.પી.યુ.જી.એમ.ઈ.સી)ની પ્રવેશ સમિતી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાંથી બીજા તબક્કામાં મેરીટ લીસ્ટમાં આવતાં વિધાર્થીઓના ડોમીસાઈલ સર્ટીફીકેટની ચકાસણી કામગીરી તા. ૭મી ઓગષ્ટના રોજ સવારના ૧૧ કલાકથી સાંજના ૫ કલાક દરમ્યાન પ્રાંત અધિકારીની કચેરી, બીજો માળ, કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

ચકાસણી દરમ્યાન ઉમેદવારોએ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં નિમાયેલ ચકાસણી સમિતિ સમક્ષ પોતાના ડોમીસાઈલ સર્ટીફીકેટ અને તેને આનુસાંગિક જરૂરી દસ્તાવજો- પ્રમાણપત્રો ઉપરાંત ધોરણ-૧૦ તથા ૧૨ની માર્કશીટ, સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તમામ જરૂરી આધાર-પુરાવાઓ સાથે હાજર રહેવાનું ડોમીસાઈલ સર્ટીફીકેટ ચકાસણી સમિતીના અધ્યક્ષ અને પ્રાંત અધિકારી, ગાંધીનગર ઋતુરાજ દેસાઈએ જણાવ્યું છે.

# સરઢવ પ્રાથમિક શાળામાં શિક્ષકની ભૂમિકા અદા કરતા કલેક્ટરશ્રી



ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ મિશન વિધા કાર્યક્રમ અંતર્ગત આજરોજ સરઢવ ગામની આદર્શ કુમાર પ્રાથિમક શાળાની મુલાકાત લીધી હતી. ગાંધીનગર જિલ્લાના કલેકટર એસ.કે. લાંગા એક શિક્ષકની જેમ સમયસર શાળામાં પહોંચી ગયા હતા. શાળાના આચાર્ય વિજયભાઈ પાસે શાળાની જરૂરી માહિતી મેળવી હતી. ત્યારબાદ કલાસ શરૂ થતાં ધોરણ-૬ ના વર્ગખંડમાં ગયા હતા. ત્યાં જઈ કલેકટરે સૌ પ્રથમ કલાસના વિધાર્થીઓને પોતાની ઓળખ આપી હતી. તમામ વિધાર્થીઓના નામ જાણયા હતા.

કલેકટર એસ.કે. લાંગા શિક્ષકની જેમ બાળકો સાથે બેસી ગયા હતા. તેમને નામ દઈ બોલાવી તેમને મોટા થઈ શું બનવું છે, તેવા કલેકટરના પ્રશ્નના જવાબમાં મોટા ભાગના વિધાર્થીઓએ ડોકટર બનવાની ઈચ્છા વ્યકત કરી હતી. આ જાણી તેઓ આનંદિત થયા હતા. કલેકટરે ખૂબ જ સરળતાથી અને એક શિક્ષકની જેમ ગણન, લેખન અને વાંચન કરાવ્યું હતું. તે ઉપરાંત તમામ બાળકો પાસે ઘડિયા પણ ઉભા કરીને બોલાવ્યા હતા. એક વિદ્યાર્થીને વાંચનમાં તકલીફ હોય તેવું લાગતા કલેકટરે તેને નજીક બોલાવ્યો હતો અને તેને આંખની તકલીફ તો નથી ને.. તેની પણ ચકાસણી કરી હતી.

કલેકટરે શાળાના શિક્ષકોને જણાવ્યું હતું કે, સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોમાં તેજસ્વીતાના ગુણો હોય છે, તેને પારખી અને બાળકની પ્રતિભાને જાણીને શિક્ષણ આપવું અને તેનાથી થતાં ફાયદાઓની વાત કરી હતી. શિક્ષણ કાર્યને વધુ અસરકારક બનાવવા માટે શિક્ષકોએ બાળકોને મજા પડે તેમ અને વધુ સરળ ભાષામાં વિષયનું જ્ઞાન આપવા અને શિક્ષણ પધ્ધતિમાં બદલાવ લાવવા ખાસ ભારપુર્વક જણાવ્યું હતું.

**(રાજ્ય સરકારને મળેલ સત્તા અન્વયે પ્રસિદ્ધ કરવાના કલમ-૧૧ના જાહેરનામાનો મુસદ્દો)**

**ગુજરાત સરકાર**
**મહેસુલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**

**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)**

**જીલ્લો : અરવલ્લી**

**ક્રમાંક : અમ-૨૦૧૮-૫૩૦-મ-જઅવ-૧૭૧૮-૫૪૯-ચ તા. ૪/૭/૨૦૧૮**

રાજ્ય સરકારને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અનવ્યે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'લાંક મુખ્ય નહેર સાંકળ ૩૩૨૦ થી ૪૧૭૦ મી.ની વચ્ચેના' પ્રોજેક્ટ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસુચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓની આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી, આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોના વિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારત અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહી.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યું હોય તો હકિકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જ) હેઠળ જીલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગર, સમક્ષ રજુ કરી શકાશે.

**અનુસુચિ** જીલ્લો : અરવલ્લી તા. : બાયડ ગામ : બોરોલ

| અ.નં. | સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૩૧૫ | ૦-૪૩-૮૬ |
| ૨ | ૩૧૬ | ૦-૦૨-૫૮ |
| ૩ | ૩૧૪ | ૦-૧૯-૬૦ |
| ૪ | ૩૩૦ | ૦-૦૨-૩૯ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
સરકારના ઉપસચિવ

માહિતી/હિંમત/૨૩૪/૧૮

**ધાનેરા નગરપાલિકા**
**ઓન લાઈન ટેન્ડર**
**જાહેર નિવિદા-૨૦૧૮**

નગરપાલિકા ધાનેરા દ્વારા નગરપાલિકાના સ્વભંડોળમાં લેવામાં આવેલ ધાનેરા શહેરની ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત બાકી રહી ગયેલ વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની કામગીરી, ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ઘર જોડાણો આપવા અંગેની કામગીરી, ધાનેરા શહેરની ભૂગર્ભ ગટર યોજના વાર્ષિક સંપૂર્ણ મરામત અને નિભાવણીનું કામ. કામો કુલ-૨ (બે) માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૧/૮/૨૦૧૮ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેક્ટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડૉક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૧/૮/૨૦૧૮થી તા.૧૪/૮/૨૦૧૮ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમિશન | તા. ૧૪/૮/૨૦૧૮ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફિસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટથી રજુ કરવાની તારીખ | તા. ૧૮/૮/૨૦૧૮ |
| ૪ | ટેન્ડર ઓપનીંગ | તા. ૨૦/૮/૨૦૧૮ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકાશે.

**વી.બી. પરમાર**, મુખ્ય અધિકારી, નાગરપાલિકા ધાનેરા
**વસંતીબેન વી. ગલચર**, ઉપપ્રમુખ, નાગરપાલિકા ધાનેરા
**બળવંતજી સી. બારોટ**, પ્રમુખ, નાગરપાલિકા ધાનેરા

**ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઈન્ફોરમેટીક્સ (બાયસેગ)**
'ચ-૦' સર્કલ પાસે, ઈન્દુલાલ યાજ્ઞિક માર્ગ, ગાંધીનગર

**જાહેર નિવિદા**

**કચેરી સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવાઓ અંગે તથા કચેરી ખાતે વાહન ભાડે આપવાની સેવા પુરી પાડવા અંગે**

આ કચેરી માટે વાર્ષિક કોન્ટ્રાક્ટથી કચેરીની સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવાઓ પુરી પાડવા અંગે સફાઈ કામનો વ્યવસાય કરતાં માન્ય અને નોંધાયેલ કોન્ટ્રાક્ટરો / સંસ્થાઓ પાસેથી એક વર્ષની મુદત માટે ઈજારો મેળવવા રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. તથા આ કચેરી માટે બે ઈન્ડીગો (એ.સી.) વાહન (માસિક ધોરણે) વાર્ષિક કોન્ટ્રાક્ટરથી ભાડે મેળવવા ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં માન્ય અને નોંધાયેલા એજન્સીઓ પાસેથી એક વર્ષની મુદત માટે ઈજારો મેળવવા રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલ બંધ કવરમાં ટેન્ડર મંગાવવામાં આવે છે. (સીલબંધ કવર ઉપર સફાઈ કામ સેવાઓ તથા વાહન ભાડે રાખવા અંગે ભરેલ છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.)

| ટેન્ડર ફી | ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ અને સમય (સફાઈ કામ અને વાહન (ભાડે રાખવા માટે) | ભરેલ ટેન્ડર ફોર્મ પરત કરવાની છેલ્લી તારીખ (સફાઈ કામ અને વાહન ભાડે રાખવા માટે) | સફાઈ કામ માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | વાહનના ટેન્ડર ખોલવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ડાયરેક્ટર બાયસેગના નામનો માત્ર ડી.ડી. સ્વીકારવામાં આવશે. | તા. ૧૦/૮/૨૦૧૮ સુધી ૧૧.૦૦ થી ૧૬.૦૦ દરમિયાન | તા. ૨૧/૮/૨૦૧૮ સુધીમાં રજી.આર.પી.એ.ડી.થી મોકલવું | તા. ૨૯/૮/૨૦૧૮ ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે | તા. ૨૯/૮/૧૮ ના રોજ બપોરે ૩:૦૦ કલાકે |

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૩૧/૭/૨૦૧૮**
**માહિતી/૧૧૪૫/૧૮-૧૯**

**સહી/-**
**નિયામક**
**બાયસેગ, ગાંધીનગર**